૮. વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના આદર્શ પાઠયપુસ્તકના લક્ષણો જાણે.

**એકમ : ૧ પાઠ આયોજન, વૈજ્ઞાનિક વલણ, પદ્ધતિઓ, અનુબંધ અને વિજ્ઞાન શિક્ષક**

૧. તાસ આયોજન અને એકમ આયોજનની રૂપરેખા અને તફાવત
૨. વિદ્યાર્થીઓનું વૈજ્ઞાનિક વલણ વિકસે એ માટેની પ્રવૃત્તિઓ
૩. વિજ્ઞાન શિક્ષણની પદ્ધતિઓ
 (અ) પ્રાયોગિક (બ) દાર્શનિક (ક) પ્રોજેકટ (ડ) જૂથ ચર્ચા
૪. અનુબંધ : અર્થ– મહત્ત્વ , વિજ્ઞાનની આંતરશાખાઓ વચ્ચેનો પારસ્પિરિક અનુબંધ.
૫. આદર્શ વિજ્ઞાન શિક્ષકના લક્ષણો અને તેની વ્યાવસાયિક ક્ષમતા.

**એકમ : ૨ વિજ્ઞાન અને ટેકનોલોજી અધ્યાપનની સુવિધાઓ, પ્રવૃત્તિઓ, પાઠયપુસ્તકો, ઉપકરણો**

૧. વિજ્ઞાન અને ટેકનોલોજી અધ્યાપનની સુવિધાઓ
 – માધ્યમિક કક્ષાની વિજ્ઞાન પ્રયોગશાળા
 – વનસ્પતિ બાગ
 – માછલી ઘર
 – આકાશદર્શન
 – ક્ષેત્ર પર્યટન
૨. વિજ્ઞાન અને ટેકનોલોજી અધ્યાપનને સહાયક પ્રવૃત્તિઓ
 – વિજ્ઞાન મંડળ
 – વિજ્ઞાન મેળો
 – જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર
૩ આદર્શ પાઠયપુસ્તકના લક્ષણો તથા ધોરણ–૯(સેમ.૧ અને ૨)ના વિજ્ઞાન અને ટેકનોલોજીના પાઠયપુસ્તકની સમીક્ષા.
૪. વિજ્ઞાન અને ટેકનોલોજીના અધ્યાપનમાં દ્રશ્યશ્રાવ્ય સાધનોનું મહત્ત્વ

**પ્રાયોગિક કાર્ય :**

૧. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્રમિક વિકાસની માહિતી એકત્ર કરવી.
૨. આદર્શ પાઠ અને એકમ આયોજન તૈયાર કરવા.
૩. વિવિધ પદ્ધતિઓ આધારિત પાઠ આયોજન તૈયાર કરવા.
૪. વિવિધ શાળાઓમાં શિક્ષણકાર્ય દરમ્યાન ઉપયોગમાં લેવાતી શિક્ષણ પદ્ધતિઓ તથા અભિગમો સંબંધી તપાસ કરવી.
૫. શાળાઓમાં શિક્ષકોનું વ્યવસાયિક કાર્યક્ષમતા વધારવાનું વલણ તપાસવું.
૬. શાળા દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વલણ વિકસાવવા માટેની વ્યુહરચનાનો અભ્યાસ કરવો.
૭. શાળાઓની વિજ્ઞાન પ્રયોગશાળાની સમીક્ષા કરવી.

૮. **વિજ્ઞાનની વિશેષ પ્રવૃત્તિઓમાં શાળાની સક્રિયતા અને સુવિધાઓના ઉપયોગનો અભ્યાસ કરવો.**

૯. **વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત.**

**નોંધ :**

૧. **ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો  હાથ ધરી શકે છે.**

**સદર્ભ પુસ્તકો :**


1. ચટ્ટોપાધય અને વ્યાસ-Experiments in Science New Delhi, Learners Press Green park extension.
2. મહેન્દ્ર યાદવ-Basic Facts on Science New Delhi, Anmol Pub, Private Ltd.
3. રવિકુમાર-S.K. Teaching of Science, જયપુર,મગલદીપબ્લિકેશન.
4. Sen, B.R. Teaching of sci. in Secondary School, New Delhi, Common Wealth Pub.
5. Vinayak Malhotra Encyclopaedia of Modern Methods of Teaching Science New Set Recent Pub.Corporation
6. Thurber & Collette. Teaching of science.

## B.Ed. First Year - Sem. 2

## Course -203 /1 शालेय विषयोंका अध्यापन शास्त्र: हिन्दी

उद्देश्य : प्रशिक्षणार्थीओ का / की -----

१. श्रवण कौशल का विकास करना ।
२. अर्थग्रहण कौशल का विकास करना ।
३. लेखन अभिव्यक्ति का विकास करना ।
४. मौखिक अभिव्यक्ति का विकास करना ।
५. सृजन शक्ति का विकास करना ।
६. गद्य पद्य का रसास्वाद कर सके ।
७. पठन अभिरुचि बढे ।
८. योग्य उच्चारणो के साथ बोलना सीखे ।
९. शिष्ट भाषा में बोलना सीखे ।

### इकाई : 1 हिन्दी भाषा शिक्षण

१.१ भाषा का अर्थ, भाषा की परिभाषा, महत्त्व (सांस्कृतिक, साहित्यिक, व्यावसायिक, प्रशासकीय महत्त्व)
१.२ हिन्दी भाषा की प्रवर्तमान स्थिति एवं सुधार के उपाय ।
१.३ भाषा की विधियाँ प्रत्यक्ष परोक्ष, शब्द प्रतिपादित की विधियाँ
१.४ कक्षा 8 ओर 9 के हिन्दी पाठय पुस्तक की समीक्षा एवं हिन्दी भाषा शिक्षा में उपयोगी प्रवृत्तियाँ का अभ्यास।

### इकाई 2 हिन्दी भाषा शिक्षा के कौशल और हिन्दी शिक्षा के रुप

२.१ गद्य शिक्षा का महत्त्व, गद्य शिक्षा के विविध रूप कहानी, एकांकी निबंध लेखन ।
२.२ पद्य शिक्षा का महत्त्व, पद्य शिक्षा की पद्धतियाँ, पद्य शिक्षा में ध्यान देने योग्य बाते ।
३.३ पाठ आयोजन महत्त्व : सोपान, ध्यान देने योग्य बाते ।
४.४ लेखन शिक्षा का महत्त्व, लेखन दोष कारण एवं उपाय। मौखिक अभिव्यक्ति का महत्त्व, उच्चारण दोष होने के कारण एवं सुधार के उपाय ।

### प्रायोगिक कार्य

१. चित्रवार्ता - चित्र के आधार पर कहानी लेखन
२. कहानी के आधार पर चित्र बनाना ।
३. हिन्दी वर्तमानपत्र का पठन करके अहवाल लेखन करना
४. शब्द समृद्धि के लिए कसोटी की रचना एवं अजमायश करना ।
५. खेल के माध्यम से व्याकरण शिक्षा
६. हिन्दी लेखित अभिव्यक्ति विकास के लिए हिज्जे दोष की प्रवृत्तियाँ।
७. किसी भी एक मुद्दे को लेकर चर्चा ।
८. गांव के विद्यालय एवं शहर के विद्यालय में हिन्दी भाषा का तुलनात्मक अभ्यास करना।

### संदर्भ साहित्य

१. हिन्दी अध्यापन परिशिलन, बी. एस. शाह प्रकाशन डो. रविन्द्र अंधारिया और अन्य
२. हिन्दी अध्यापन पद्धति - डो. शशीकान्त अभ्यंकर और अन्य ।
३. हिन्दी अध्ययन और अध्यापन डो. पुरुषोत्तम पटेल।
४. हिन्दी साहित्य का अध्यापन - राम शुक्ल पांडेय।

**B.Ed. First Year – Sem.2**
**Course – 203/2 શાલેય વિષયોનું અધ્યાપન શાસ્ત્ર : સામાજિક વિજ્ઞાન**

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ............**

૧. સામાજિક વિજ્ઞાન વિષયની સંકલ્પના સમજે.

૨. વ્યકિતના જીવનમાં રોજિંદી ઘટતી ઘટના સામાજિક વિજ્ઞાનને શી રીતે અસર કરે છે તે સમજે.

૩. શિક્ષક તરીકેની ફરજો જાણી તેનો વ્યવહારમાં અમલ કરવા તત્પર બને.

૪. વિવિધ પદ્ધતિઓ અને સાધનોની જાણકારી કેળવી વર્ગખંડ શિક્ષણને વધુ જીવંત અને અસરકારક બનાવે.

૫. મૂલ્યાંકનના વિવિધ સ્વરૂપોનો વ્યવહારમાં વિનિયોગ કરે.

૬. રાષ્ટ્રના વિકાસમાં પોતાનું સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક,ભૌગોલિક પરિસ્થિતિ સંદર્ભે યથાશકિત પ્રદાન કરે તેમજ સકારાત્મક બની ક્ષમતા કેળવે.

**એકમ : ૧ સામાજિક વિજ્ઞાનનો અર્થ, વ્યાપ અને પાઠ આયોજન**

૧.૧ સામાજિક વિજ્ઞાન : સંકલ્પના અને મહત્ત્વ

૧.૨ સામાજિક વિજ્ઞાનના હેતુઓ : સામાન્ય અને વિશિષ્ટ

૧.૩ સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અનુબંધ : અર્થ અને મહત્ત્વ
– સામાજિક વિજ્ઞાનનો મનોવિજ્ઞાન તથા વિજ્ઞાન અને ટેકનોલોજી સાથેનો અનુબંધ

૧.૪ સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં પાઠ આયોજન અને એકમ પાઠ આયોજન : અર્થ અને સ્વરૂપ
– લાભ અને મર્યાદાઓ
– આદર્શ પ્રશ્નપત્રના લક્ષણો અને નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય

**એકમ : ૨ સામાજિક વિજ્ઞાન શિક્ષણની અધ્યાપન પદ્ધતિઓ, પ્રયુકિતઓ, શૈક્ષણિક ઉપકરણો તથા પાઠયપુસ્તકોનું મૂલ્યાંકન.**

૨.૧ સામાજિક વિજ્ઞાન શિક્ષણની અધ્યાપન પદ્ધતિઓ : અર્થ, સંકલ્પના, લાભા લાભ અને વર્ગખંડમાં વિનિયોગ
–પ્રોજેકટ, નિરીક્ષિત અભ્યાસ
– પ્રયુકિતઓ : મુલાકાત, રોલ પ્લે અને પ્રવાસ

૨.૨ સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં ઉપકરણો : સંકલ્પના, લાભા લાભ અને વિનિયોગ
– નકશા,ચાર્ટ, ચિત્રો,પૃથ્વીનો ગોળો, વર્તમાનપત્રો, સામયિકો, બુલેટિન બોર્ડ, કમ્પ્યુટર, ઈન્ટરનેટ, સ્માર્ટ બોર્ડ

૨.૩ સામાજિક વિજ્ઞાન વિષયના આદર્શ શિક્ષકના ગુણો અને વ્યાવસાયિક ક્ષમતા વધારવા માટેના સૂચનો

૨.૪ વર્તમાન ધોરણ ૮,૯ ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠયપુસ્તકનું મૂલ્યાંકન
– સામાજિક વિજ્ઞાનખંડ : સંકલ્પના, મહત્ત્વ
– સામાજિક વિજ્ઞાન મંડળ : રચના, આયોજન, પ્રવૃત્તિઓ

**પ્રાયોગિક કાર્ય**

૧. સમાજશાસ્ત્રીઓના પ્રદાનનો અભ્યાસ હાથ ધરે.

૨. ઐતિહાસિક સ્થળોની મુલાકાત, અભ્યાસ અને અહેવાલ લેખન.

૩. ઔદ્યોગિક અને ભૌગોલિક સ્થળોની મુલાકાત : ડેરી, બેંક, સહકારી મંડળીઓ, હોસ્પિટલ અને સંગ્રહાલય.

૪. વિવિધ ધર્મના ધાર્મિક સ્થળો, પ્રતિકોની સમજ મેળવે અને મુલાકાત લઈ અહેવાલ લેખન કરે.

૫. કૃષિ વિષયક – કૃષિ, જમીન, ખેડૂત–મુલાકાત અભ્યાસ અને અહેવાલ લેખન.

૬. પ્રદર્શન યોજવું : વિવિધ ધર્મો, જાતિ, પહેરવેશ, સંસ્કૃતિ, ભાષા, રહેણીકરણી (લોકજીવન) વગેરે.

૭. પ્રર્વતમાન સમાજમાં રહેલ અંધશ્રદ્ધા દૂર કરવા – જાગૃતિ.

૮. નાટયીકરણ, વેશભૂષા, ગીત, અભિનય ગીતો, દેશ ભકિતના ગીતો રજૂ કરે.

૯. નિદાનાત્મક – ઉપચારાત્મક કાર્યો કરે.

૧૦. ધો.૮ અને ધો.૯ માં આવતા પ્રકરણો સંદર્ભે નાટક ભજવે.
૧૧. પ્રદર્શન યોજવા : ગાંધી જંયતિ,ગાંધી નિર્વાણ અથવા કોઈ અન્ય દેશનેતાની જન્મજંયતિ – પુણ્યતિથિ નિમિત્તે ધર્મ, જાતિ પહેરવેશ, સંસ્કૃતિ પ્રદર્શિત કરવા.
૧૨. અભિનયગીતો, દેશભકિત ગીતો વગેરે રજૂ કરે.
૧૩. સામાજિક – ધાર્મિક કુરિવાજો જાણી તે અંગે જાગૃતતા આવે તેના નાટકો ભજવે – આલ્બમ તૈયાર કરાવવા.
૧૪. વર્ણનાત્મક પ્રવાસ પદ્ધતિ – પ્રયુકિત દ્વારા શિક્ષણ મેળવે.
૧૫. બુલેટિન બોર્ડ પર રજૂ થયેલ કૃતિને ચોકકસ વિષયને કેન્દ્રમાં રાખી ચર્ચા ગોષ્ઠિ યોજે.
૧૬. નકશા, ચાર્ટ, ચિત્રો, પૃથ્વીનો ગોળો વગેરે પર જૂથચર્ચા યોજે.
૧૭. બ્રેઈન સ્ટોર્મિંગ કાર્યક્રમ યોજી શકાય–પદ્ધતિ અથવા આદર્શ સામાજિક વિજ્ઞાન શિક્ષકના લક્ષણો – સામાજિક વિજ્ઞાન શિક્ષકની વ્યાવસાયિક કાર્યક્ષમતા વધારવાના સૂચનો.

**ફિલ્ડ– વર્ક**

**સામાજિક વિજ્ઞાન વિષયના ફિલ્ડ વર્કના વિષયોની યાદી.**

૧. સમાજશાસ્ત્રી, ઈતિહાસકાર, ખગોળશાસ્ત્રીઓના પ્રદાનનો અભ્યાસ હાથ ધરે – વકતવ્ય યોજે.
૨. ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરે.
૩. સામાજિક સંસ્થાઓની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરે.
૪. કૃષિક્ષેત્રે – ખેડુતની મુલાકાત અથવા કૃષિ કેન્દ્રોની મુલાકાત કરી અહેવાલ તૈયાર કરે
૫. ઔદ્યોગિક એકમોની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરે દા.ત. ડેરી, સંગ્રહાલય, સહકારી મંડળી વગેરે.
૬. સમાજની ચોકકસ જાતિઓ જેવી કે ગામિત, ચૌધરી, ભીલ વગેરેની મુલાકાત લઈ તેમની રહેણીકરણી, સંસ્કૃતિ અંગે અહેવાલ તૈયાર કરે.
૭. વિવિધ મેળાઓ કે ઉત્સવો અંગે અહેવાલ તૈયાર કરે.
૮. ચોકકસ વિસ્તારની મુલાકાત લઈ ત્યાંના લોકોની જીવનશૈલી વિશે અહેવાલ તૈયાર કરે.
૯. શાળા કક્ષાએ સામાજિક વિજ્ઞાન શિક્ષકને નડતી સમસ્યાઓનો અભ્યાસ કરે.
૧૦. શાળા કક્ષાએ સામાજિક વિજ્ઞાન ખંડ અને સામાજિક વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**સંદર્ભ ગ્રંથો :**


૧. સામાજિક વિજ્ઞાનનું અધ્યાપનશાસ્ત્ર : લેખક : મોતીભાઈ પટેલ,બી.એસ.શાહ પ્રકાશન : અમદાવાદ.
૨. સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન : નીરવ પ્રકાશન : અમદાવાદ.
૩. સામાજિક વિજ્ઞાનનું આદર્શ અધ્યાપન : અમોલ – વારિષેણ પ્રકાશન, અમદાવાદ
૪. સામાજિક વિજ્ઞાન વિષય પદ્ધતિ : અક્ષર પબ્લિકેશન : અમદાવાદ
૫. Effective Methods of Teaching Social studies Dr.S.Paul (2003) ABC Publishers Jaipur.
૬. Teaching Social studies. Avdhesh S. JHa APH Publishing Corporation Darya Ganj; New Delhi - 110002
૭. Teaching Social studies (Second Edition) Suman Pandey – Agrawal publication : Ahmedabad.

**B.Ed. First Year – Sem.2**

**Course – 203/3 શાલેય વિષયોનું અધ્યાપન શાસ્ત્ર : નામાનાં મૂળતત્ત્વોનું અધ્યાપન શાસ્ત્ર**

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.............**

૧. નામાનાં મૂળતત્ત્વોના ખ્યાલો, સિદ્ધાંતો અને નિયમોથી પરિચિત થાય.

૨. નામાનાં મૂળતત્ત્વોના પાયાના અને તકૂનિકી ખ્યાલો અંગે સમજ કેળવે.

૩. નામાનાં મૂળતત્ત્વો અંગેના જરૂરી કૌશલ્યો એવી રીતે વિકસાવે કે જેથી એનો વ્યવહારમાં ઉપયોગ કરતા થાય.

૪. નામાનાં મૂળતત્ત્વોના નવા પ્રવાહો અને ધોરણો અંગે જાગૃત થાય.

**એકમ : ૧ નામા સંબંધી**

૧.૧ અર્થ, લક્ષણો, ઈતિહાસ, વિવિધ સામાજિક વર્ગોમાંથી આવતા વિદ્યાર્થીઓની નામા અંગે કેળવાતી સમજ, ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ નામા શિક્ષણના ધ્યેયો

૧.૨ અનુબંધ : અર્થ, મહત્ત્વ , નામાનો આંતરિક અનુબંધ, નામાનો અન્ય વિષયો સાથેનો અનુબંધ :
(૧) અર્થશાસ્ત્ર (૨) ધંધાકીય સંચાલન

૧.૩ નામાશિક્ષણમાં પાઠ આયોજન અને એકમ આયોજન : વ્યાખ્યા, મહત્ત્વ, દરેક આયોજનના સોપાન.

૧.૪ નામાશિક્ષણ સંદર્ભે નીચેની પદ્ધતિઓ : વ્યાખ્યા, લાભો, મર્યાદા અને વર્ગખંડમાં વિનિયોગ
– આગમન – નિગમન પદ્ધતિ
– નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ
– પૃથકકરણ – સંયોગીકરણ પદ્ધતિ

૧.૫ ઉપકરણો : વ્યાખ્યા, મહત્ત્વ અને વિનિયોગ
– ચાર્ટસ – સંગ્રહપોથી – સ્માર્ટબોર્ડ – કમ્પ્યૂટર

**એકમ : ૨ નામાશિક્ષણમાં મૂલ્યાંકન**

૨.૧ નામાનો આદર્શ શિક્ષક (જરૂરી ગુણો અને વ્યાવસાયિક ક્ષમતા)

૨.૨ નામાનાં મૂળતત્ત્વોના પાઠયપુસ્તકનું મહત્ત્વ, ધો.૧૧ ના પ્રવર્તમાન પાઠયપુસ્તકનું મૂલ્યાંકન

૨.૩ મૂલ્યાંકન : લેખિત, મૈખિક અને પ્રાયોગિક મૂલ્યાંકન
– નામાનું આદર્શ પ્રશ્નપત્ર (ત્રિ–પરિમાણદર્શક કોઠો) લક્ષણો
– નામાશિક્ષણ સુધારણા પ્રયુકિત : પુનરાવર્તન, નિદાન – ઉપચાર કાર્ય

૨.૪ નામાશિક્ષણમાં ચોકકસ પ્રયુકિતઓની અજમાયશ અને મૂલ્યાંકન
– પ્રદર્શન – સર્વેક્ષણ – કેસસ્ટડી

૨.૫ સંદર્ભો : સંદર્ભ પુસ્તકો, વર્તમાનપત્રો, ઈ–જર્નલ

**પ્રાયોગિક કાર્ય**

૧. એકાકી વેપાર અને ભાગીદારી પેઢીના હિસાબોનો તુલનાત્મક અભ્યાસ કરે.

૨. એકાકી વેપાર અને કોઈ એક હોસ્પિટલ કે કલબના હિસાબોનો તુલનાત્મક અભ્યાસ કરે.

૩. ધો.૧૧ અને ૧૨ ના કોઈ પણ બે એકમ પર ૨૫ ગુણનું પ્રશ્નપત્ર તૈયાર કરવું.

૪. ધો.૧૨ નું બોર્ડનું પ્રશ્નપત્રનું બ્લુપ્રિન્ટ આધારિત પૃથકકરણ કરવું.

૫. કોઈ એક પેઢીના/એકમના ત્રણ વર્ષના ખરીદ–વેચાણ નફાની આલેખાત્મક રજૂઆત કરે.

૬. વર્તમાનપત્રો, સામાયિકોમાં વિષયવસ્તુને અનુરૂપ આવેલ લેખો પરથી સંગ્રહપોથી તૈયાર કરી વર્ગખંડમાં તેનો ઉપયોગ કરવો.

૭. કોઈ એક કંપની/મંડળીના વાર્ષિક હિસાબો તપાસી એના નફાનો અભ્યાસ કરવો.

૮. તાલીમાર્થીઓ ટેલી સોફટવેરનો ઉપયોગ કરી વાઉચર બનાવતા શીખે.

૯. કોઈ એક કંપનીના મૂડીમાળખાનું પૃથકકરણ કરવું.
૧૦. વર્તમાનપત્રમાં આવતી ફાઈનાન્સ સ્કીમનો સટીક અભ્યાસ કરે.
૧૧. કોઈ એક કેસનો અભ્યાસ કરી તેમાં છૂપાયેલ સમસ્યા શોધી તેના વિવિધ ઉકેલો દલીલ સહિત જણાવે.
૧૨. કોઈ પણ એક ભાગીદારી પેઢીની મુલાકાત લઈ તેના ભાગીદારી કરારનો અભ્યાસ કરવો.

**ક્ષેત્રકાર્ય**

૧. ધો.૧૧ અથવા ધો.૧૨ ના નામાના વિષયમાં નબળા વિદ્યાર્થીઓ માટે નિદાન ઉપચાર કાર્ય કરે (પ્રાયોગિક)
૨. તમારી કોલેજની આજુબાજુ આવેલ શાળાની મુલાકાત લઈ નામાના શિક્ષકોએ પોતાની વ્યાવસાયિક સજ્જતા વધારવા છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કરેલ પ્રવૃત્તિઓનો અભ્યાસ (મુલાકાત)
૩. તમારી કોલેજની આજુબાજુ આવેલ શાળાની મુલાકાત લઈ નામા શિક્ષણ સંદર્ભે કઈ કઈ સુવિધાઓ પ્રાપ્ય છે તેનો અભ્યાસ (મુલાકાત, પ્રશ્નાવલિ)
૪. શાળામાં નામાના વિષયને રસપ્રદ બનાવવા માટે થતી પ્રવૃત્તિઓનો અભ્યાસ (મુલાકાત–અવલોકન )
૫. ધો.૧૧ નામાનાં મૂળતત્ત્વના પ્રશ્નપત્રનો બ્લુપ્રિન્ટ પ્રમાણે અભ્યાસ કરવો. (મુલાકાત–અવલોકન લેખન)
૬. ધો.૧૧ વર્તમાન પાઠયપુસ્તકનો સમીક્ષાત્મક અભ્યાસ (સર્વેક્ષણ અભિપ્રાયાવલિ તૈયાર કરી. દસથી પંદર શાળા શિક્ષકોના અભિપ્રાય મેળવવા.)
૭. છેલ્લાં પાંચ વર્ષનો નામા વિષયના પરિણામનો અભ્યાસ (અહેવાલ રજૂઆત)
૮. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેણે પોતાની આગવી પ્રતિભા ઊભી કરી હોય તેની માહિતી મેળવી તેવા વિદ્યાર્થીઓની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરી રજૂઆત કરવી. (સર્વેક્ષણ)
૯. શાળામાં નામા શિક્ષણ સંદર્ભે થતી પુનરાવર્તનીય પ્રવૃત્તિના સ્વરૂપનો અભ્યાસ (મુલાકાત)

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**સંદર્ભ પુસ્તકો :**


1. Chaudhari Bhachandra R: Namana Moltattavonun Adhyapan, Dhaval Prakashan, Ahmedabad. 380013
2. Kapadia Ashvini M: Namana MOltattavonun Adhyapan, Semester.1 Amol Prakashan. varishan Prakashan (2011), Ahmedabad.
3. Kapadia Ashvini M: Namana MOltattavonun Adhyapan, Semester.2 Amol Prakashan. varishan prakashan (2012), Ahmedabad.
4. Patel Bhagavanbhai S: Namana Moltaattaavonun parishilan. (1999-2000). B.S.Shah prakashan, Ahmedabad.

**B.Ed. First Year – Sem.2**
**Course – 203/4 શાલેય વિષયોનું અધ્યાપન શાસ્ત્ર : ગણિત**

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.............**

૧. ગણિત અધ્યાપનનું કૌશલ્ય પ્રાપ્ત કરે.
૨. ગણિત શિક્ષણના મૂલ્યોની સમજ પ્રાપ્ત કરે.
૩. ગણિત શિક્ષણના હેતુઓ સમજે.
૪. ગણિત શિક્ષણના અભિગમો, પદ્ધતિઓ અને પ્રવિધિયોની સમજ કેળવે.
૫. પાઠ આયોજન સમજે.
૬. ગણિત શિક્ષણમાં શૈક્ષણિક ઉપકરણો સમજે, રચના કરે અને અજમાયશ કરે.
૭. ગણિતમાં અનુબંધ સમજે.
૮. રાજય અને રાષ્ટ્રીય કક્ષાની ગણિતની પ્રવૃત્તિમાં સહભાગી બને.
૯. ગણિતના પાઠયપુસ્તકને સમજે અને તેના અસરકારક મૂલ્યાંકનનું કૌશલ્ય પ્રાપ્ત કરે.
૧૦. ગણિતની પ્રવૃત્તિઓ, મંડળો વિશે જ્ઞાન મેળવે.
૧૧. પ્રાયોગિક કાર્ય અને પ્રવૃત્તિ દ્વારા પ્રતિભાવંત શિક્ષક બને.
૧૨. ગણિત પ્રયોગશાળાનો ઉપયોગ સમજે.

**એકમ : ૧ ગણિત શિક્ષણ : ગણિતની સંકલ્પના, હેતુઓ, મૂલ્યો, પાઠ આયોજન, પદ્ધતિઓ અને અભિગમો, ગણિત પ્રયોગશાળા.**

૧.૧ ગણિતનો અર્થ અને સંકલ્પના¸ ગણિત શિક્ષણના હેતુઓ
૧.૨ ગણિત શિક્ષણના ઉપયોગિતા મૂલ્ય, માનસનિયામક મૂલ્ય અને સાંસ્કૃતિક મૂલ્ય ; પાઠ આયોજન : અર્થ, પ્રકારો અને તફાવત.
૧.૩ આગમન – નિગમન અભિગમ, સંશ્લેષણ– વિશ્લેષણ પદ્ધતિ અને પ્રાયોગિક પદ્ધતિ.
૧.૪ ગણિત પ્રયોગશાળાનું મહત્ત્વ અને પ્રવૃત્તિઓ.

**એકમ : ૨ પાઠયપુસ્તક સમીક્ષા, પ્રશ્નપત્ર, ગણિત શિક્ષક, શૈક્ષણિક ઉપકરણ,ગણિતમંડળ, અનુબંધ.**

૨.૧ ગણિત પાઠયપુસ્તક : આદર્શ પાઠયપુસ્તકના લક્ષણો અને પ્રવર્તમાન ધો.–૯ અને ધો.૧૦ ના ગણિતના વર્તમાન પાઠયપુસ્તકની સમીક્ષા
૨.૨ આદર્શ પ્રશ્નપત્રની રચના : સોપાનો અને અગત્ય
૨.૩ આદર્શ ગણિત શિક્ષકના લક્ષણો ; ગણિત શિક્ષણમાં શૈક્ષણિક ઉપકરણોની રચના અને વિનિયોગ
૨.૪ ગણિત મંડળ : રચના, હેતુઓ, પ્રવૃત્તિઓ; અનુબંધ : અર્થ અને ગણિતની શાખાઓ વચ્ચેનો પારસ્પરિક અનુબંધ.

**પ્રાયોગિક કાર્ય અને ફિલ્ડ વર્ક**

૧. પસંદિત એકમ માટે એકમ તાસ આયોજન બનાવો.
૨. એક જ એકમ માટે બે વિવિધ પદ્ધતિઓના ઉપયોગ દ્વારા પાઠ આયોજન રચો.
૩. આગમન–નિગમન અભિગમ, સંશ્લેષણ પદ્ધતિ, પ્રાયોગિક પદ્ધતિના ઉપયોગ દ્વારા પાઠ આયોજન બનાવો.
૪. પસંદિત એકમ માટે અધ્યાપન કે અધ્યયન માટેના ઉપકરણ બનાવી તેની અજમાયશ કરો.
૫. PPT બનાવી તેનો શૈક્ષણિક પ્રક્રિયામાં વિનિયોગ કરો.
૬. ગણિત સંબંધી વિડિયો તથા PPT ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરી તેનો શૈક્ષણિક પ્રક્રિયામાં વિનિયોગ કરો.
૭. વર્ગખંડ શિક્ષણમાં ગણિત પ્રયોગશાળાની વ્યૂહરચના વાપરો.
૮. પસંદિત એકમ માટે ગણિત પ્રયોગશાળા દ્વારા અધ્યાપન માટે પાઠ આયોજન બનાવો.
૯. પસંદિત એકમ માટે ICT ના ઉપયોગ ધરાવતો પાઠ રચો.

૧૦. વિશ્વના મહાન ગણિતશાસ્ત્રીઓનો પરિચય મેળવી, શાળાના વિદ્યાર્થીઓ સમક્ષ બહુમાધ્યમ સંપુટની મદદથી તેઓનો પરિચય આપો.

૧૧. ગણિત શિક્ષણ સંદર્ભે કેટલાક ગણિત શિક્ષકોના અભિપ્રાયો ભેગા કરો.

૧૨. ચોકકસ એકમ અને માર્ક માટે ત્રિ–પરિમાણ દર્શક સારણી તેના આધારિત પ્રશ્નપત્ર તૈયાર કરો.

૧૩. દૈનિક જીવનમાં ગણિતશાસ્ત્રની ભૂમિકા પર PPT બનાવી તેની તેની અજમાયશ કરો. (જેમ કે ઘર, પ્રકૃત્તિ, વ્યવસાય, રમત, સૌંદર્ય, ફુરસદના સમય,.....)

૧૪. વૈદિક ગણિતની કરામતોનો સંગ્રહ કરો.

૧૫. વર્ગખંડમાં વૈદિક ગણિતની અજમાયશ કરો.

૧૬. ગણિત કોયડા સ્પર્ધાનું આયોજન કરવું.

૧૭. ગણિત મંડળનો પરિચય અને પ્રવૃત્તિઓ જાણી તેના પર અહેવાલ બનાવો, જેમકે ગુજરાત ગણિત મંડળ, ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ કલબ, VASCSC

૧૮. ગણિતના સામાયિકો (જેવા કે સુગણિતમ્, ગણિત ઉત્કર્ષ, મજાનું ગણિત)નો પરિચય કેળવી તેમાંથી કેટલાંક લેખોનો સંગ્રહ કરે.

૧૯. ગણિત દિવસની ઉજવણી કરો.

૨૦. ગણિત પ્રયોગશાળાની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરો.

૨૧. ગણિત મંડળની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરો.

૨૨. બે કે ત્રણ શાળાના ગણિતના શિક્ષકોની મુલાકાત લઈ તેઓના વિદ્યાર્થીઓમાં ગણિત શિક્ષણ અંતર્ગત ગણિતના ભય અંગેના કારણોની નોંધ કરો.

૨૩. બે કે ત્રણ શાળાના ગણિત શિક્ષકોની મુલાકાત લઈ તેઓના વિદ્યાર્થીઓમાં ગણિતની હકારાત્મક છાપ ઉપસાવવા માટે તેઓ દ્વારા થતા પ્રયત્નોની નોંધ કરો.

૨૪. વર્તમાન પત્રોમાંથી ગણિત વિષયક સમાચારોનો સંગ્રહ કરો.

૨૫. ગણિતનો અનુબંધ વિષયક બહુમાધ્યમ સંપુટની રચના કરો.

૨૬. ગણિત શિક્ષણને સક્ષમ બનાવવા શાળામાં જઈ ગણિત સંદર્ભે વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરો.

૨૭. વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે TAT, TET, H-TAT માટે ગાણિતિક તર્ક–દલીલ સંબંધી પ્રશ્નોનો સંપુટ તૈયાર કરો.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**સંદર્ભ પુસ્તકો :**


1. Adenegan, K.E. (2001). Issues and Problems in the National Mathematics Curriculum of the Senior Secondary Schools Level. Pp.4-5. Unpublished Paper.
2. Andnegan, K.E. (2007). Teaching Methodologies: Issues, Challenges and implications on the Teaching and Learning of Mathematics in Primary School, Nigerian Journal o Research in Primary Education (NJORPED), ondo. Vol.1 NO.1 Pp 29-35
3. Castells, M. (2007): The rise of the network society: The information age: Economy, society, and culture (vol. I, II & III) john wiley & sons.
4. NCERT, New Delhi: A test of Mathematics,Prakash Brothers, Ludhiana
5. Bhatnagar, A.B.: New Dimensions in the teaching of Mathematics, Modern Publishers, Meerut.
6. Website: www/ http/ncte.nic.in
7. Thakur Rajesh, THe Essentials of VEDIC Mathematics Rupa Publications, New Delhi, 2013
8. ડૉ.આઈ.એચ.ડૉકટર, ગણિત અધ્યાપન પદ્ધતિ, અનડા પ્રકાશન,અમદાવાદ.

**B.Ed. First Year – Sem.2**
**Course – 203/5 શાલેય વિષયોનું અધ્યાપન શાસ્ત્ર : સંસ્કૃત**

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.............**

૧. ભારતીય સંસ્કૃતિથી પરિચિત થાય.
૨. સંસ્કૃત ભાષાના સ્વરૂપનો ખ્યાલ મેળવે.
૩. સંસ્કૃત સાહિત્યનો આસ્વાદ માણે.
૪. સંસ્કૃત ભાષાના આદર્શ કૌશલ્યો વિકસે.
૫. વિદ્યાર્થીઓની સર્જનાત્મક શકિત ખીલે.
૬. સંસ્કૃતના શબ્દભંડોળમાં વૃદ્ધિ થાય.
૭. પ્રવૃત્તિલક્ષી શિક્ષણનો પરિચય કેળવે.
૮. વિદ્યાર્થીઓનું શ્રવણ, કથન, લેખન અને વાંચન કૌશલ્ય વિકસે.

**એકમ : ૧ સંસ્કૃત પ્રારંભ**

૧.૧ સંસ્કૃત ભાષા : સ્વરૂપ, મહત્ત્વ, (સાંસ્કૃતિક, રાષ્ટ્રીય એકતાની દ્રષ્ટિએ, વ્યાવહારિક)
૧.૨ સંસ્કૃત ભાષા શિક્ષણના સિદ્ધાંતો
૧.૩ સંસ્કૃત અધ્યાપન પદ્ધતિઓ (આગમન–નિગમન, ખંડાન્વય– દંડાન્વય, નાટયીકરણ, પ્રત્યક્ષ)
૧.૪ સંસ્કૃત સાહિત્ય, સંસ્કૃત ભાષા શિક્ષણના હેતુઓ

**એકમ : ૨ સંસ્કૃત અધ્યાપન.**

૨.૧ સંસ્કૃત શિક્ષક, સંસ્કૃતનું પાઠ્યપુસ્તક (ધોરણ ૮ અને ૯ ના સંસ્કૃત પાઠયપુસ્તકની સમીક્ષા)
૨.૨ સંસ્કૃત પાઠ આયોજન (અભિપ્રેરણા, વિષયવસ્તુ, મૂલ્યાંકન)
૨.૩ સંસ્કૃત સાહિત્યકારો (કાલિદાસ, ભાસ, ભવભૂતિ)
૨.૪ સંસ્કૃત શિક્ષણમાં મહત્ત્વ (શ્રુતલેખન, અનુલેખન, વાંચન, સુભાષિત અને વિવિધ શૈક્ષણિક ઉપકરણો)

**પ્રાયોગિક કાર્ય અને ફિલ્ડ વર્ક માટેના સંભવિત એકમો**

૧. શાળાકક્ષાએ સંસ્કૃત શિક્ષણમાં શિક્ષકો દ્વારા ઉપયોગમાં લેવાતી વિવિધ અધ્યાપન પદ્ધતિઓનું સ્વરૂપ સમજી તેની યાદી તૈયાર કરવી.
૨. શાળા કક્ષાએ સંસ્કૃત વિષય શિક્ષણમાં વિદ્યાર્થીઓને નડતી સમસ્યાઓ જાણવી.
૩. શાળા કક્ષાએ સંસ્કૃત વિષય શિક્ષણમાં શિક્ષકોને નડતી સમસ્યાઓ જાણવી.
૪. ધો.–૮ અને ૯ ના ગદ્યપાઠોનું વિવિધ પદ્ધતિએ આયોજન કરવું.
૫. ધો.–૮ અને ૯ ના પદ્યપાઠોનું વિવિધ પદ્ધતિએ આયોજન કરવું
૬. ધો.–૮ અને ૯ ના વ્યાકરણપાઠોનું વિવિધ પદ્ધતિએ આયોજન કરવું
૭. શાળા કક્ષાએ સંસ્કૃત શિક્ષક પાસેથી સંસ્કૃત ભાષાશિક્ષણના હેતુઓ જાણી યાદી તૈયાર કરવી.
૮. શાળા કક્ષાએ સંસ્કૃત શિક્ષક પાસેથી સંસ્કૃત શિક્ષકની વિદ્યાકીય અને વ્યાવસાયિક સજ્જતા અંગે મંતવ્યો મેળવવા.
૯. શાળા કક્ષાએ સંસ્કૃત શિક્ષક પાસેથી ધોરણ – ૮ અને ૯ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકની ખૂબીઓ અને મર્યાદાઓ જાણવી.
૧૦. શાળા કક્ષાએ સંસ્કૃત શિક્ષક પાસેથી ધો. ૮ અને ૯ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકની મર્યાદાઓ દૂર કરવાના સૂચનો જાણવા.
૧૧. શાળા કક્ષાએ સંસ્કૃત વિષય શિક્ષણમાં ઉપયોગમાં લેવાતા શૈક્ષણિક ઉપકરણોની સંસ્કૃત શિક્ષક પાસેથી યાદી મેળવવી.
૧૨. રોજીંદા વપરાશમાં આવતી ચીજવસ્તુઓના નામ સચિત્ર સંસ્કૃત ભાષામાં તૈયાર કરવા.
૧૩. વિવિધ પ્રાણીઓના નામ સચિત્ર સંસ્કૃતભાષામાં તૈયાર કરવા.
૧૪. વિવિધ પક્ષીઓના નામ સચિત્ર સંસ્કૃતભાષામાં તૈયાર કરવા.
૧૫. વિવિધ સંસ્કૃત ક્રિયાપદો સચિત્ર સંસ્કૃતભાષામાં તૈયાર કરવા.

૧૬.	પુલ્લિંગ શબ્દોનો સંગ્રહ સચિત્ર તૈયાર કરવો.
૧૭.	સ્ત્રીલિંગ શબ્દોનો સંગ્રહ સચિત્ર તૈયાર કરવો.
૧૮.	નપુંસકલિંગ શબ્દોનો સંગ્રહ સચિત્ર તૈયાર કરવો.
૧૯.	શાળા કક્ષાએ સંસ્કૃત શિક્ષકોને વ્યાકરણ શિક્ષણમાં નડતી સમસ્યાઓ જાણવી.
૨૦.	શાળા કક્ષાએ સંસ્કૃત વિષયનું સ્થાન અને મહત્ત્વ વિશે સંસ્કૃત શિક્ષકો પાસેથી અભિપ્રાયો મેળવવા.

**નોંધ :**

૧.	ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**સંદર્ભ ગ્રંથો**


૧.	સંસ્કૃત અધ્યાપન પરિશીલન ડાૅ.શશીકાન્ત અભ્યંકર, બી.એસ.શાહ પ્રકાશન : અમદાવાદ
૨.	Problems of Sanskrit Teaching – G.S. Uparikar.
૩.	વ્યાકરણ શિક્ષણ વિધેય : ડાૅ.દેવનાથ – ભારતીય વિદ્યાસંસ્થાન : વારણસી.
૪.	સંસ્કૃતશિક્ષણમ્ – ડાૅ.ફતેહસિંહ – ભારતમુદ્રા પ્રકાશન : કરેલા ત્રિપુર
૫.	સંસ્કૃત પદ્ધતિ અને વિષયવસ્તુ – ડાૅ.વિનય એન. પટેલ
૬.	સંસ્કૃત વ્યાકરણ અને લેખન – પ્રો.શિંદે

**B.Ed. First Year – Sem.2**
**Course – 203/6 શાલેય વિષયોનું અધ્યાપન શાસ્ત્ર : સમાજશાસ્ત્ર**

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.............**

૧. ઉચ્ચત્તર માધ્યમિક સ્તર પર સમાજશાસ્ત્ર શિક્ષણની જરૂરિયાત સમજે.
૨. શૈક્ષણિક સમાજશાસ્ત્ર વિશે જ્ઞાન મેળવે.
૩. સમાજશાસ્ત્રના વિકાસમાં સમાજશાસ્ત્રીઓના પ્રદાનથી પરિચિત થાય.
૪. સમાજશાસ્ત્રનો અન્ય વિજ્ઞાન સાથેના સંબંધની જાણકારી મેળવે.
૫. સમાજશાસ્ત્ર શિક્ષણમાં આયોજન માટેની ક્ષમતા કેળવે.
૬. પાઠ આયોજન અને અકેમ આયોજન તથા સામુદાયિક સંશોધનમાં ઉપયોગની જાણકારી મેળવે.
૭. સમાજશાસ્ત્રના શિક્ષણ દ્વારા સામાજિક વાસ્તવિકતા અંગે જ્ઞાન મેળવવા વિવિધ ક્ષમતાઓ કેળવે.
૮. સમાજશાસ્ત્રના શિક્ષણની વિવિધ પદ્ધતિઓ/પ્રયુકિતઓના વર્ગખંડમાં વિનિયોગ કરવાના કૌશલ્યનો વિકાસ કરે.
૯. સમાજશાસ્ત્રના શિક્ષણને રસપ્રદ અને અસરકારક બનાવતા વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરે.
૧૦. સમાજશાસ્ત્ર શિક્ષણ અને તેના શિક્ષક વિશે જ્ઞાન મેળવે.

**એકમ : ૧ ઉચ્ચત્તર માધ્યમિક કક્ષા અને સમાજશાસ્ત્ર શિક્ષણ**

૧.૧ સમાજશાસ્ત્રની વ્યાખ્યા, અર્થ, અધ્યાપન હેતુઓ, સમાજશાસ્ત્ર શિક્ષણનું મહત્ત્વ

૧.૨ સમાજશાસ્ત્રના વિકાસમાં સમાજશાસ્ત્રીઓનું પ્રદાન
૧) હર્બટ સ્પેન્સર ૨) ઈમાઈલ દુર્ખિમ ૩) મેકસ વેબર ૪) રોબર્ટ મર્ટન ૫) આઈ.પી.દેસાઈ

૧.૩ સમાજશાસ્ત્રનો અન્ય વિજ્ઞાનો સાથેનો અનુબંધ
સમાજશાસ્ત્રનો મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, સામાજિક વિજ્ઞાન, અને ઈતિહાસ સાથેનો સંબંધ

૧.૪ સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રનો પરિચય અને મર્યાદાઓ

**એકમ : ૨ સમાજશાસ્ત્રમાં પાઠ આયોજન, દ્રશ્ય–શ્રાવ્ય સાધનો ઉપયોગો અને આદર્શ શિક્ષક**

૨.૧ સમાજશાસ્ત્રીઓનું વિશ્લેષણ : પાઠ આયોજન
(માઈક્રોપાઠ, તાસ આયોજન અને એકમપાઠ આયોજન)

૨.૨ સમાજશાસ્ત્રમાં સંશોધન પદ્ધતિઓ અને પ્રયુકિતઓ
પદ્ધતિઓ : (સર્વેક્ષણ, નિદર્શન, વ્યકિતઅભ્યાસ, તુલનાત્મક અભ્યાસ)
પ્રયુકિતઓ : (પ્રશ્નાવલિ, મુલાકાત, વ્યાખ્યાન,પ્રવાસ, ક્ષેત્ર મુલાકાત)

૨.૩ સમાજશાસ્ત્ર શિક્ષણમાં દ્રશ્ય–શ્રાવ્ય સાધનો
– ચાર્ટ, કમ્પ્યુટર, સામાયિકો, ટી.વી.,સ્લાઈડ, રેડિયો, ટેપરેકોર્ડર, V.C.R. DVDS વર્તમાનપત્રો વગેરેનો શૈક્ષણિક ઉપયોગના સંદર્ભે
– વર્તમાન ભારતીય સમાજમાં શિક્ષકના લક્ષણો

૨.૪ સમાજશાસ્ત્રમાં પ્રશ્નપત્રની રચના માટે બ્લુ–પ્રિન્ટ આધારિત ત્રિપરિમાણ દર્શક કોષ્ટકની રચના

**પ્રાયોગિક કાર્ય :**

૧. જુદી જુદી સામાજિક સમસ્યા સંદર્ભે પ્રવૃત્તિઓ અને પ્રાયોગિક કાર્ય કરવું
૨. નીચેનામાંથી કોઈપણ એક સમસ્યા કે મુદાના સંદર્ભમાં જૂથ ચર્ચા કરો
એઈડ્સ, ભૃણહત્યા, કુપોષણ વગેરે.
૩. પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ.
૪. પ્રવર્તમાન સામાજિક સમસ્યા અને રાજકીય સમસ્યાનો અભ્યાસ.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**સંદર્ભ પુસ્તકો :**


૧. સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ – એ.જી.શાહ, જે.કે.દવે
૨. શિક્ષણ સમાજશાસ્ત્ર – શાહ બી.વી. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ : અમદાવાદ
૩. સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો – ડૉ.વાય.એ.પરમાર
૪. સમાજશાસ્ત્ર પદ્ધતિ અને વિષયવસ્તુ ભાગ–૧ – પ્રા.આર.જી.ગામિત, ઉર્મિલ માનસ પ્રકાશન
૫. સમાજશાસ્ત્ર પદ્ધતિ અનેવિષયવસ્તુ ભાગ–૨– પ્રા.આર.જી.ગામિત
૬. સામાન્ય સામાજશાસ્ત્ર – એ.જી.શાહ, જે.કે.દવે
૭. સમાજશાસ્ત્રીય વિચારધારાના આધારો – એ.જી.શાહ, જે.કે.દવે
૮. સમાજશાસ્ત્રનો પરિચય– ડૉ.એન.એચ.વાઘેલા
૯. ભારતીય સમાજમાં શિક્ષક અને શિક્ષણ – ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ : ગાંધીનગર
૧૦. નવોદિત ભારતીય સમાજમાં શિક્ષક અને શિક્ષણ – એમ.વી.રાવલ
૧૧. ભારતમાં માધ્યમિક શિક્ષણના વર્તમાન પ્રવાહો અને શૈક્ષણિક મૂલ્યાંકન
૧૨. સમાજશાસ્ત્રીય વિચારકો – યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ : અમદાવાદ
૧૩. સમાજશાસ્ત્ર કી સહભાગિતા પુસ્તક – એ.જી.શાહ, જે.કે.દવે

**B.Ed. First Year – Sem.2**

**Course – 203/7 શાલેય વિષયોનું અધ્યાપન શાસ્ત્ર : કૃષિવિજ્ઞાન**

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.............**

૧. ભારતમાં અને વિદેશમાં કૃષિવિદ્યાની અગત્યતા સમજે.
૨. જીવનમાં કૃષિ અને કૃષિકારની અગત્યતા સમજે.
૩. ધરતી સાથે જીવંત સંપર્ક સાધે અને પ્રકૃતિની સુંદરતા માણી શકે.
૪. ધો.૬ થી ૧૦ ના પાઠયપુસ્તકો સમજે.
૫. કૃષિવિદ્યા વિષય શિક્ષણનું આયોજન કરતા શીખે.
૬. કૃષિ વિજ્ઞાનની મૂલ્યાંકન પદ્ધતિઓ જાણે અને તેનો અસરકારક ઉપયોગ કરે.

**એકમ : ૧ કૃષિવિદ્યા**

૧.૧ કૃષિવિદ્યા : સંકલ્પના, ધ્યેયો, હેતુઓ અને મહત્ત્વ
૧.૨ કૃષિ શિક્ષણની પદ્ધતિઓ : નિદર્શન પદ્ધતિ, પ્રયોગ પદ્ધતિ, પ્રોજેકટ પદ્ધતિ, ડિબેટ, પ્રવચન પદ્ધતિ
૧.૩ સાધનો : નમૂના, વસ્તુઓ, ચિત્રો, ચાર્ટ, નકશાઓ, સ્લાઈડ, ચલચિત્રો, ટી.વી., કૃષિ સામાયિકો
૧.૪ પાઠ આયોજન અને એકમ આયોજન
– કૃષિવિદ્યાના પાઠ્યપુસ્તકો શ્રેણી ૮,૯ અને ૧૦ ના અભ્યાસ અને તેની સમીક્ષા

**એકમ : ૨ કૃષિ અને પશુપાલન**

૨.૧ જમીન : વ્યાખ્યા, ભૈતિક ઘટકો, રાસાયણિક ઘટકો, જમીનના પ્રકાર, જમીનની ફળદ્રુપતા અને તેની જાળવણી.
૨.૨ વિવિધ પાકો
– ધાન્યવર્ગના પાકો, કઠોળવર્ગના પાકો, રોકડિયા વર્ગના પાકો,શ ાકભાજીના પાકો, ફળઝાડના પાકો,મસાલા વર્ગના પાકો.
૨.૩ પશુપાલન અને ડેરી વિજ્ઞાન : મહત્ત્વ, ભારતીય તેમજ વિદેશી ગાયોની ઓલાદો, ગીર, કાંકરેજ, ડાંગી, જર્શી, એચ.એફ., સંકર ગાય
૨.૪ પશુ સંવર્ધન : ઈનબ્રીડીંગ, આઉટબ્રીડિંગ, કૃત્રિમ બીજદાન
– પશુ ચિકિત્સા, સામાન્ય રોગો, પાચનતંત્રના રોગો, જીવાણું– વિષાણુથી થતા રોગો.

**પ્રાયોગિક :**

૧. ધો.૬ થી ૧૦ માં અભ્યાસક્રમમાં આવતી વિવિધ પ્રક્રિયાઓ કરવી
૨. સાધનોનું નિદર્શન કરવું, ચાર્ટ, નકશા બનાવવા.
૩. મેળાઓની મુલાકાત, પશુપાલકની મુલાકાત લેવી.
૪. ઉત્તમ ખેડૂતના ખેતરની મુલાકાત લઈને નોંધ તૈયાર કરવી.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**સંદર્ભગ્રંથો :**


૧. ભારતમાં કૃષિશિક્ષણ
૨. જમીન વિજ્ઞાન, જમીન વ્યવસ્થા
૩. પાક ઉત્પાદન વિજ્ઞાન
૪. જમીન સંરક્ષણ અને જળ સંચય
૫. ખેતી વિજ્ઞાન
૬. ફળઝાડ વિજ્ઞાન
૭. પશુપાલન
૮. વ્યવહારું ગોપાલન

## B.Ed. First Year – Sem.2
## Course – 204 અધ્યયન માટેનું પરીક્ષણ

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.............**

૧. માપન, પરીક્ષણ અને મૂલ્યાંકનની સંકલ્પના સમજે.
૨. વિકાસાત્મક પરીક્ષણ (F.A) અને સમગ્રલક્ષી પરીક્ષણ (S.A.) પ્રયોજી શકે.
૩. અધ્યયનની સંરચનાવાદી વિચારધારા સમજ શકે.
૪. અધ્યયનના પરીક્ષણ માટેના વિવિધ ઉપકરણો અને પ્રયુકિતઓ સમજે અને પ્રયોજે.
૫. પ્રતિપોષણની જરૂરિયાત અને ઉપયોગ સમજે.
૬. પાયાગત વર્ણનાત્મક આંકડાશાસ્ત્ર સમજે અને પ્રયોજે.
૭. પરીક્ષણના નવપ્રવાહોનું વિશ્લેષણ કરે.

**એકમ : ૧ અધ્યયન માટેના પરીક્ષણ સંબંધિત મૂળભૂત બાબતો**

૧.૧ માપન, પરીક્ષણ અને મૂલ્યાંકન : અર્થ, સંકલ્પના, હેતુઓ
૧.૨ પરીક્ષણના પ્રકારો : વિકાસાત્મક પરીક્ષણ (F.A.) અને સમગ્રલક્ષી પરીક્ષણ (S.A.), સંકલ્પના, મહત્ત્વ, ઉદાહરણો.
૧.૩ સતત સર્વગ્રાહી મૂલ્યાંકન (CCE) અને અધ્યયનનું પરીક્ષણ
૧.૪ અધ્યયનના મૂલ્યાંકન માટેના સંરચનાવાદી અભિગમનો પરિચય

**એકમ : ૨ અધ્યયના પરીક્ષણ માટેના ઉપકરણો અને પ્રયુકિતઓ**

૨.૧ પરીક્ષણ માટેના ઉપકરણો અને પ્રયુકિતઓ : રૂબરિક, પોર્ટફોલિયો, લેખિત અહેવાલો, રજૂઆતો, પ્રસંગકથા, પ્રશ્નાવલિ, સ્વ પરીક્ષણ અને સાથી જૂથ પરીક્ષણ
૨.૨ સ્ટર્નબર્ગની ત્રિ–પરિમાણીય વિચારધારા
૨.૩ શિક્ષકનો સતત વ્યાવસાયિક વિકાસ : અર્થ, મહત્ત્વ અને વ્યૂહરચના
૨.૪ અધ્યયન પ્રક્રિયાની સુધારણામાં પ્રતિપોષણની ભૂમિકા : વાલીઓ અને શિક્ષકો દ્વારા પ્રતિપોષણ

**એકમ : ૩ અધ્યયનનું માપન**

૩.૧ મધ્યવર્તી સ્થિતિના માપો (સોદાહરણ)
૩.૨ ચલિતતાના માપો (સોદાહરણ)
૩.૩ શતાંશસ્થ (સોદાહરણ), સમધારણ વક્રરેખા : અર્થ અને લક્ષણો
૩.૪ પરિણામોનું અર્થઘટન અને આલેખાત્મક રજૂઆત : આલેખની ઉપયોગિતા અને આલેખની રચના ( સ્તંભાલેખ અને આવૃત્તિ બહુકોણ)

**એકમ : ૪ અધ્યયન માટેના મૂલ્યાંકનના નવપ્રવાહો**

૪.૧ વૈકિલ્પક પરીક્ષણ : સંકલ્પના, હેતુઓ, લાભો અને મર્યાદાઓ
૪.૨ ઓનલાઈન પરીક્ષા અને ખુલ્લા પુસ્તક સાથેની પરીક્ષા : અર્થ, હેતુઓ, લાભો, મર્યાદાઓ
૪.૩ પરીક્ષણનું વેપારીકરણ : અર્થ અને ભય સ્થાનો.
૪.૪ અધ્યયન માટેના પરીક્ષણ સંદર્ભે RTE Act (2009) ની એકટની જોગવાઈઓની પ્રસ્તુતતા

**પ્રાયોગિક કાર્ય :**

૧. તાલીમાર્થીઓ કોઈ એક શાળામાં જઈ સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પ્રયોજે.

૨. તાલીમાર્થીઓ અધ્યયનની સંરચનાવાદી વિચારધારાને સમજી અધ્યયન અને મૂલ્યાંકન કાર્ય હાથ ધરે.

૩. શાળામાં પરીક્ષણ માટેના ઉપકરણો (રૂબરિક, પોર્ટફોલિયો, રજૂઆત, લેખિત અહેવાલ, પ્રશ્નાવલિ) વગેરે શાળામાં પ્રયોજે.

૪. સ્વ પરીક્ષણ અથવા સાથી જૂથ પરીક્ષણનું આયોજન અને અમલીકરણ કરવું.

૫. પ્રતિપોષણ પ્રયોજન દ્વારા વિદ્યાર્થીઓ દ્વારા થતા અધ્યયનમાં સુધારણા માટેના પ્રયોગો હાથ ધરે.

૬. ખુલ્લા પુસ્તક સાથેની પરીક્ષાનું આયોજન અને સંચાલન કરે.

**ફિલ્ડ વર્કની યાદી :**

૧. કોઈ એક શાળામાં અમલી વિકાસાત્મક અથવા સમગ્રતાલક્ષી પરીક્ષણનો અભ્યાસ કરી લેખિત અહેવાલ તૈયાર કરે.

૨. કોઈ એક શાળાના શિક્ષકો દ્વારા તેમના વ્યાવસાયિક વિકાસ માટે હાથ ધરાતા પ્રયાસોનો અભ્યાસ હાથ ધરી વિસ્તુત અહેવાલ તૈયાર કરે.

૩. કોઈ એક શાળા / કોલેજના વિદ્યાર્થીઓના કોઈ એક ચોકકસ વિષયમાંના ગુણના આધારે મધ્યવર્તી સ્થિતિના માપો, ચલિતતાના માપોની ગણતરી કરે.

૪. વિદ્યાર્થીઓના અધ્યયન અને મૂલ્યાંકન સંદર્ભે વાલી સભાનું આયોજન, સંચાલન અને મૂલ્યાંકન કરે – વિસ્તૃત અહેવાલ તૈયાર કરે.

૫. ઓનલાઈન પરીક્ષા આપનારાઓની મુલાકાત લઈ એમના અનુભવોનો અભ્યાસ કરે – લેખિત અહેવાલ તૈયાર કરે.

૬. વર્તમાન પરીક્ષા પદ્ધતિ અંગે શિક્ષકો, આચાર્યો, વાલીઓના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

૭. RTE એકટની પરીક્ષણ સંબંધી જોગવાઈઓની પ્રસ્તુતતા અંગે સર્વેક્ષણ.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**સંદર્ભ પુસ્તકો :**


1. Curriculum framework, Two year B.Ed. programme National Council for Teacher Education
2. Shepard L.A. (2000) The role of assessment in a learning culture educational Research, 4-14
3. Statistics in Psychology and Education By : Henry E. Greett. International library of Education, cosmo publication
4. Sternberg R. J. (2013) Intelligence competence and expertise. In A. J. Elliot & C. S. Dweck (Eds.), Handbook of competence and motivation (PP-15-30) Guilford publications.
5. Stiggins R. (2005) from formative assessment to assessment for learning: A path to success in standards - based schools - phi. Delta Kappan, 325 328.
6. Thwaite, A. & RIvalland, J (2009) How can analysis of classroom talk help teachers reflect on their practices ? Australian Journal of language and literacy. The, 32 (1) 38.
7. શૈક્ષણિક આકડાશાસ્ત્ર લેખકઃત્રિવેદીઅને પારેખ યુનિવર્સિટી ગ્રથનિર્માણ બોર્ડ,અમદાવાદ

૮. શૈક્ષણિક સંશોધન લેખકઃ ડો.દિપીકાશાહ યુનિવર્સિટી ગ્રથનિર્માણ બોર્ડ,અમદાવાદ

૯. શૈક્ષણિકમાપન લેખકઃડો.કૃષ્ણકાત ગોપાળજી દેસાઇ,યુનિ.ગ્રથનિર્માણબોર્ડ,અમદાવાદ

**B.Ed. First Year – Sem.2**

**Course – EPC – 2 નાટક અને કળા દ્વારા શિક્ષણ (Drama & Art in Education)**

**ધ્યેય અને હેતુઓ :**

૧. અધ્યેતા હૈયું, મસ્તક અને હાથ વચ્ચેના સંબંધને સમજી આત્મનિરીક્ષણ કરે, પ્રતિક્રિયા આપે અને કાર્ય (પ્રવૃત્તિ) કરે.

૨. નાટક અને કળા દ્વારા અધ્યેતા જ્ઞાનનાં વિવિધ ક્ષેત્રોને સંયોજિત કરે કે જેથી તેને સહઅભ્યાસ કે અભ્યાસક્રમ બહારની પ્રવૃત્તિ ગણ્યા વિના 'અભ્યાસક્રમ' માં સર્વનો સમાવેશ કરે.

૩. અધ્યેતા પોતાને 'સ્વ, સમાજ અને શિક્ષણ' અંગે સંવેદનશીલ કરવા માટે નાટક અને કળા દ્વારા અધ્યયનથી સજજ કરે.

૪. અધ્યેતા નાટક અને કળાની પ્રવિધિ દ્વારા વસ્તુ કે ઘટનાનાં વિવિધ પરિપ્રેક્ષ્ય સમજે.

૫. નાટક અને કળાની પ્રવિધિઓનો ઉપયોગ કરી કલ્પના અને સ્વૈરવિહાર દ્વારા વાસ્તવને પારખી અધ્યયનને સઘન કરે.

૬. જીવનના આકસ્મિક અને કપરા અનુભવ સાથે અનુકૂલિત થવા દૈનિક પરિસ્થિતિઓના નિર્દેશ દ્વારા અધ્યેતા સઘન અધ્યયન કરે.

૭. વર્ગમાં ભાષણબાજી જેવી સમજૂતિ કે ઉપદેશક પ્રવિધિને સ્થાને સક્રિય અધ્યયન– અધ્યાપન અનુભવો માટે સાહિત્ય, લલિતકળા અને પ્રદર્શનકળા જેવા માધ્યમોની અધ્યેતા સમજ કેળવે.

૮. આત્મનિરીક્ષણ અને કલ્પનાશીલ સામૂહિક અનુભવ દ્વારા સભાનતાને આકાર આપવા વિવિધ સ્થળ–કાળમાં પરિવર્તન આણી અધ્યેતા સાહિત્ય, લલિતકળા અને પ્રદર્શનકળા જેવા માધ્યમોનો વિનિયોગ કરે.

૯. અધ્યેતા પહેલા 'અગવડ' અને 'અવ્યવસ્થા' માં જાતને મૂકયા પછી સમસ્યા–સમાધાન શોધી સ્પષ્ટતા અને સમજણ કેળવવા માટે વિચાર અને કલ્પનાનો વિનિયોગ કરે.

૧૦. અનુભવ, સંવેદન અને અર્થઘટન પર આધારિત રંગમંચીય કળાની પ્રવિધિઓ દ્વારા અધ્યેતા અન્ય સાથે તેને સંકલિત કરી તાદાત્મ્ય સાધે.

૧૧. સમાજમાં સામૂહિક સભાનતા આણી સમાજને શૈક્ષણિક અને સામાજિક પરિવર્તનમાં જોતરવા માટે અધ્યેતા વર્ગખંડની દિવાલોને ભેદે.

૧૨. સમાજમાં 'સ્વને સમજી વિવિધ માધ્યમોના વિનિયોગ દ્વારા અસરકારક અભિવ્યકિત કરી તેમની સર્જનાત્મકતાને કેળવે

૧૩ સક્રિય અધ્યયન–અધ્યાપન અનુભવો અને શૈક્ષણિક તથા સામાજિક પરિવર્તન માટે સાહિત્ય, લલિતકળા અને પ્રદર્શનકળા જેવા માધ્યમોના વિનિયોગ દ્વારા અધ્યેતા તેની સૌંદર્યલક્ષી સંવેદનશીલતા વિકસાવે.

**સંભવિત પ્રવૃત્તિઓ**

૧. એકપાત્રીય અભિનય સ્ક્રીપ્ટ લેખન
૨. એકપાત્રીય અભિનય
૩. લઘુનાટિકા લેખન
૪. લઘુનાટિકા દિગ્દર્શન
૫. પપેટ શો નિદર્શન
૬. બેસ્ટ ફ્રોમ વેસ્ટ પ્રવૃતિ આયોજન સંચાલન
૭. સ્લોગન નિર્માણ
૮. કલા સંબંધીત કાર્યક્રમનું વિવેચન.
૯. કાવ્ય સર્જન
૧૦. વાર્તા લેખન
૧૧ ચિત્ર નિર્માણ
૧૨. સર્જનાત્મકતા સંબંધિ પ્રવૃત્તિ
૧૩. આપણા વિવિધ ઉત્સવોમાં નૃત્ય, સંગીત અને ચિત્રકામનું યોગદાન – જાત તપાસ, સંશોધન, સમીક્ષા અને અહેવાલ લેખન

૧૪. ગુજરાતના પ્રાદેશિક લોકનૃત્યો અંગે.....
– જીવંત વિડિયો રેકોર્ડિંગ અને તેનું વિવેચન
– ઈતિહાસ, (ઉદાહરણ, સ્વરૂપ, આજ અને આવતીકાલ)

૧૫. પરોઢીયાં, મરસીયાં, ખાયણાં, લગ્નગીતો, ઉત્સવગીતો, હાલરડાં વગેરે જેવી ભાતીગળ સાંસ્કૃતિક કૃતિઓનો સંગ્રહ, ઓડીયો રેકોર્ડિંગ અને તેમનું વિવેચન

૧૬ ગરબાનો ઈતિહાસ, પ્રકારો, ઉપયોગ સંબંધી માહિતી એકત્રીકરણ, સંકલન અને સમીક્ષા.

૧૭ લોક સાહિત્યને જીવંત રાખનાર કલાકારોના જીવનચરિત્રો અંગે પ્રવચન, પ્રદર્શન, ચર્ચા વગેરેનું દસ્તાવેજીકરણ

૧૮. સ્થાનિક કક્ષાએ વિવિધ સામાજિક, ધાર્મિક પ્રસંગોને અર્થસભર બનાવવામાં લોક સંગીતનો ફાળો.

૧૯. ગુજરાતી ફિલ્મી સંગીતની સફર – અહેવાલ, પ્રવચન, પ્રદર્શન, ચર્ચા અને સમીક્ષા

૨૦ ગુજરાતી સુગમ સંગીતનો ઉદભવ અને વિકાસ : અહેવાલ (કલાકારોના ફોટોગ્રાફ, પ્રચલિત કૃતિઓ, લાક્ષણિકતાઓ,ઓડીયો સંગ્રહ )

૨૧. પ્રાદેશિક બોલીમાં લોકગીતો – વિવિધ ઉત્સવ દરમ્યાન કરેલ જીવંત રેકોર્ડિંગ અને લેખન તથા તેનું વિવેચન.

૨૨. લોક સંગીત સાથે સંકળાયેલ વાદ્યો–વાજીંત્રોના ફોટોગ્રાફ, સ્વરૂપ, ઉદશ્ભવ – વિકાસ અને ઉપયોગ અંગે માહિતી એકત્રીકરણ– અહેવાલ લેખન.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્રકાર્યો હાથ ધરી શકે છે.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

## બી.એડ. અભ્યાસક્રમ – જૂન ૨૦૧૫–'૧૬ થી અમલ

## (જૂન –૨૦૧૬ થી અમલમાં મુકાનાર પુનર્ગઠિત અભ્યાસક્રમ)

## દ્વિતીય વર્ષ

## સેમેસ્ટર–૩

કોર્સ – ૩૦૧ જ્ઞાન અને અભ્યાસક્રમ – ૧ (Knowledge of curriculum – 1)

કોર્સ – ૩૦૨ સમાવિષ્ટ શાળાની રચના (Creative and inclusive school)

EPC - (3) Critical understanding of ICT

EPC - (4) સ્વની સમજ (understanding the self )

ક્ષેત્રકાર્ય (field work)

**નોંધ :– અભ્યાસક્રમ સંદર્ભે અંગ્રજી વર્ઝનને અધિકૃત ગણવું.**

## કોર્સ ૩૦૧ જ્ઞાન અને અભ્યાસક્રમ – ૧

**હેતુઓ:–**

૧. તાલીમાર્થીઓ જ્ઞાન મિમાંસાત્મક પરિભાષાઓના અર્થ અને એમની વચ્ચેની સામ્યતા અને ભેદને સમજે.
૨. તાલીમાર્થીઓ બાળકેન્દ્રી કેળવણી સંબંધિત વિચાર–ધારાઓથી માહિતગાર થાય.
૩. વિદ્યાર્થીઓ સમાજ,સંસ્કૃતિ અને આધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં શિક્ષણમાં આવેલાં પરિવર્તનોને સમજે.
૪. તાલીમાર્થીઓ શિક્ષણના યથાર્થદર્શનથી પરિચિત થાય.
૫. તાલીમાર્થીઓનું ધ્યાન શિક્ષણના સામાજિક અને જ્ઞાનના પાયા પર કેન્દ્રિત થાય.
૬. તાલીમાર્થીઓ શિક્ષણની આધુનિક વ્યવસ્થા માટે તૈયાર થાય.
૭. તાલીમાર્થીઓ શિક્ષણને પ્રભાવિત કરતા વિવિધ પરિબળોના પ્રભાવને સમજે.
૮. તાલીમાર્થીઓ કેળવણીને વિવિધ મૂલ્યોના પરિપ્રેક્ષ્યમાં સમજે અને સ્વીકારે.
૯. તાલીમાર્થીઓ શાળાની વિવિધ પ્રવૃત્તિઓ અને વર્ગખંડના વ્યવહારને બહુસંસ્કૃતિયતા અને લોકશાહીના સંદર્ભે સમજે.
૧૦. તાલીમાર્થીઓ કેળવણીના રાષ્ટ્રીય, વૈશ્વિક અને ધર્મ નિરપેક્ષ આયામોને સમજે.
૧૧. તાલીમાર્થીઓ શિક્ષણને મૂલ્ય આધારિત બનાવવા માટેની પ્રવૃત્તિઓનું આયોજન કરે.
૧૨. તાલીમાર્થીઓ શાળાની ગતિવિધિઓ પાછળ સમાવિષ્ટ પ્રચ્છન્ન હેતુઓ સમજે.

### એકમ – ૧ કેળવણીનો જ્ઞાન મિમાંસાત્મક પાયો (Epistemological Basis of Education)

(અ) ૧. જ્ઞાન અને કૌશલ્ય (સંકલ્પના અને તફાવત)
૨. અધ્યાપન અને તાલીમ (સંકલ્પના અને તફાવત)
૩. જ્ઞાન અને માહિતી (સંકલ્પના અને તફાવત)
૪. વિવેક અને માન્યતા (સંકલ્પના અને તફાવત)

(બ) પ્રવર્તમાન બાળકેન્દ્રી કેળવણી નીચેના સંદર્ભે–––
૧. પ્રવૃત્તિ – સંકલ્પના, પ્રકાર અને મહત્ત્વ (ટાગોર ના અનુસંધાનમાં)
૨. શોધ – સંકલ્પના અને મહત્ત્વ (ડયુઈના અનુસંધાનમાં)
૩. સંવાદ – સંકલ્પના અને મહત્ત્વ (પ્લેટોના અનુસંધાનમાં )

### એકમ – ૨ કેળવણીનો સામાજિક પાયો

૧. સમાજ, સંસ્કૃતિ અને આધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં ઔધોગિકરણ, લોકશાહી, વ્યકિતગત સ્વાયત્તતાના કારણે શિક્ષણમાં આવેલા ઐતિહાસિક પરિવર્તનો
૨. આંબેડકરના વિચારો અનુસાર આધુનિક મૂલ્યના સંદર્ભે કેળવણી (સમાનતા,વ્યકિતગત તકો, સામાજિક ન્યાય) બહુસંસ્કૃતિકવાદના સંદર્ભે શાળાની પરંપરાગત પ્રવૃત્તિઓ અને વર્ગખંડનો રોજિંદો વ્યવહાર
૩. રાષ્ટ્રવાદ, વિશ્વવાદ, ધર્મ નિરપેક્ષતાનો કેળવણી સાથેનો આંતર વ્યવહાર

# સુચિત પ્રાયોગિક કાર્ય

(૧) તાલીમાર્થીઓ અધ્યાપન અને તાલીમ સાથે સંકળાયેલ વિવિધ પ્રવૃત્તિઓ શોધે અને તેમના સ્વરૂપને સ્પષ્ટ કરે (ITI કોલેજ અને અન્ય વિશિષ્ટ પ્રકારની શાળાઓની સમીક્ષા )

(૨) ધો.૧૦ પાસ કરી આઈ.ટી.આઈ.માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી દ્વારા આઈ.ટી.આઈ.ની તાલીમ દરમ્યાન ધો.૧૦ સુધીના જ્ઞાનના કરાતા ઉપયોગનો અભ્યાસ.

(૩) ધો.૧૨ પાસ કરી વ્યાવસાયિક કોલેજોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી દ્વારા વ્યાવસાયિક તાલીમ દરમ્યાન ધો.૧૨ સુધીના જ્ઞાનના કરાતા ઉપયોગનો અભ્યાસ.

(૪) બી.એડ્.નો અભ્યાસ કરી ચુકેલ શિક્ષક તેણે મેળવેલી તાલીમ કે જ્ઞાનનો શાળામાં કેવી રીતે ઉપયોગ કરે છે તેનો અભ્યાસ.

(૫) કોઈ ચોકકસ સમાજ(હિન્દુ, મુસ્લિમ, પ્રાદેશિક જેવા)માં ચોકકસ પ્રસંગ (જન્મ, લગ્ન, મરણ જેવા)ની ક્રિયાઓમાં અનુભવાતી અવૈજ્ઞાનિકતાનો અભ્યાસ

(૬) ચોકકસ કોલેજના ચોકકસ વિદ્યાર્થી મંડળોએ છેલ્લા ત્રણ વર્ષમાં કરેલી કાર્યવાહીનો અને એના સ્વરૂપનો અભ્યાસ.

(૭) પસંદ કરેલ હકારાત્મક (સદાચારી અને સાત્વિક) કે નકારાત્મક (વ્યસનો અને વિકારી )પ્રવૃત્તિઓના જીવનમાં મળેલા પરિણામોનો અભ્યાસ.

(૮) કોઈ એક પરિવારની છેલ્લી ત્રણ પેઢીએ મેળવેલા શિક્ષણના સ્વરૂપોનો અભ્યાસ.

(૯) કોઈ એક પરિવારની છેલ્લી ત્રણ પેઢી દ્વારા સ્વીકારાયેલ વ્યવસાયોનો અભ્યાસ.

(૧૦) કેટલાક પરિવારોમાં માતા–પિતાનું તેમના દિકરા અને દિકરી તરફના વ્યવહારો અને વલણનો અભ્યાસ.

(૧૧) સ્નાતક કે તેથી વધુ અભ્યાસ ધરાવતી મહિલાઓના વ્યવસાય વૈવિધ્યોનો અભ્યાસ

(૧૨) ઔદ્યોગિક વસાહતોમાં કામ કરતા દલિતો કે લઘુમતિ કોમના કર્મચારીઓનો અભ્યાસ.

(૧૩) માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાના અભ્યાસક્રમમાં રાષ્ટ્રવાદ, વિશ્વવાદ અને ધર્મ નિરપેક્ષતાનું સ્થાન.

(૧૪) તાલીમાર્થીઓ પ્રચલિત માન્યતાઓ આધારિત વર્તનોની યાદી તૈયાર કરે અને આ માન્યતા પાછળના તર્કનું અને વૈજ્ઞાનિકતાનું મૂલ્યાંકન કરે.

(૧૫) તાલીમાર્થીઓ સર્જનાત્મક બાળકોના વર્તન વ્યવહારનો સંશોધનાત્મક અભ્યાસ કરે.

(૧૬) તાલીમાર્થીઓ બુનિયાદી શિક્ષણ વ્યવસ્થાનો અભ્યાસ કરી પરંપરાગત શિક્ષણ કેવી રીતે અલગ પડે છે તેનો અભ્યાસ કરે.

(૧૭) તાલીમાર્થીઓ ––––

– આશ્રમશાળાનો વ્યકિત અભ્યાસ કરે.

– એકલવ્ય મોડેલ સ્કૂલનો વ્યકિત અભ્યાસ કરે.

– આર્ચ સંસ્થાનો વ્યકિત અભ્યાસ કરે. (પ્રવૃત્તિ દ્વારા અભ્યાસ)

– તાલીમાર્થીઓ પ્રવૃત્તિલક્ષી બાળ કેન્દ્રી કેળવણી આપતી સંસ્થાના રોજિંદા આંતર વ્યવહારનો અભ્યાસ કરે. (નંદીગ્રામ – ધરમપુર વગેરે)

(૧૮) ભારતીય સંસ્કૃતિ, મિશનરી અને મુસ્લિમ સંસ્કૃતિના શિક્ષણ કેન્દ્રોમાં આવેલા વ્યવસ્થાપન સંબંધી પરિવર્તનોનો અભ્યાસ.

(૧૯) આધુનિકતાના સ્પર્શથી શિક્ષણ વ્યવસ્થાએ અનુભવેલા પરિવર્તનોનો અભ્યાસ.

(૨૦) મૂલ્યોની માવજાત માટેના શાળાઓના વિવિધ સભાન પ્રયત્નોનો અભ્યાસ.

(૨૧) મૂલ્યોના જતન અને સંવર્ધન આડેના અવરોધોનો અભ્યાસ.

(૨૨) શાળાઓમાં જીવાતા મૂલ્યોનો વ્યાપ અને તીવ્રતાનો તંદુરસ્ત અભ્યાસ.

(૨૩) અલગ–અલગ ભાવાવરણ ધરાવતી શાળાઓની પરંપરાગત અને વૈવિધ્યસભર પ્રવૃત્તિઓનું સર્વેક્ષણ.

(૨૪) શાળાના પ્રાર્થના સંમેલનનો વિવેચનાત્મક અભ્યાસ કરવો.

(૨૫) શાળાઓમાં રાષ્ટ્રવાદ,વિશ્વવાદ અને ધર્મ–નિરપેક્ષતાને પોષતી વિવિધ પ્રવૃત્તિઓ,એના સ્વરૂપો અને ફલિતાર્થોનો અભ્યાસ.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**B.Ed. Second Year – Sem.-3**
**Course -302 સમાવિષ્ટ શાળાની રચના**

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.....**

૧. સમાવિષ્ટ શાળાની સંસ્કૃતિ, નીતિ અને કાર્ય પદ્ધતિની સમજ કેળવે.
૨. સમાન શિક્ષણના સંદર્ભે મનોસામાજિક પરિપ્રેક્ષ્યમાં 'અપંગતા' અને 'સમાવેશ' ની વ્યાખ્યાઓ તપાસે.
૩. સમાવેશ સંબંધી નીતિઓ અને પહેલરૂપ કાર્યક્રમોનું વિશ્લેષણ કરી શકે.
૪. સમાવિષ્ટ શાળાઓમાં 'અધ્યયન અને સહભાગિતા' ના સંદર્ભમાં યોગ્ય નીતિ અને કાર્ય પદ્ધતિની સંરચનાની આડે આવતા અવરોધો ઓળખે.
૫. તાલીમાર્થી શિક્ષક એ બાબત સમજી શકે કે દરેક બાળક વિભિન્ન પરિસ્થિતિઓમાં પણ અધ્યયન અને વિકાસ કરી શકે છે.

**એકમ : ૧ વિશિષ્ટ બાળકોનો પરિચય**

૧.૧ વિશિષ્ટ બાળક : સંકલ્પના અને પ્રકાર
(મેધાવી, મંદ , મૂક – બધિર અને અંધ અધ્યેતા )
૧.૨ વિશિષ્ટ બાળકોનો આત્મવિશ્વાસ વધે એ માટે શિક્ષકની ભૂમિકા
૧.૩ સમાવિષ્ટ શાળા અંગે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, યુનેસ્કો,આર.ટી.ઈ.એકટ (૨૦૦૯),સર્વ શિક્ષા અભિયાન, યુ.જી.સી.ની ભલામણો અને તેના ફલિતાર્થો
૧.૪ વિશિષ્ટ બાળકોના સંદર્ભમાં પ્રત્યાયનના વિશિષ્ટ કૌશલ્યો

**એકમ : ૨ સમાવિષ્ટ શાળા**

૨.૧ સમાવિષ્ટ શાળા : અર્થ, સંકલ્પના, સ્વરૂપ, ભાવાવરણ
૨.૨ વિશિષ્ટ બાળકો માટેની શૈક્ષણિક અને ભૌતિક સુવિધાઓ
૨.૩ સમાવિષ્ટ શાળામાં, વિશિષ્ટ બાળકો માટે મૂલ્યાંકન પદ્ધતિ
૨.૪ સમાવિષ્ટ શાળામાં, વિશિષ્ટ બાળકો માટે સહઅભ્યાસ પ્રવૃત્તિઓ

**પ્રાયોગિક કાર્ય**

૧. સમાવિષ્ટ શાળાનો વ્યકિત અભ્યાસ
૨. નિર્ધારિત જૂથના વિશિષ્ટ બાળકોનો વ્યકિત અભ્યાસ
૩. વિશિષ્ટ બાળકોની સિદ્ધિઓનો અભ્યાસ
૪. વિશિષ્ટ બાળકો માટે વિશિષ્ટ અધ્યાપન પદ્ધતિનો અભ્યાસ
૫. વિશિષ્ટ બાળકો માટે કાર્યરત એન.જી.ઓ.નો અભ્યાસ
૬. વિશિષ્ટ બાળકોના પરિવારનો અભ્યાસ
૭. નજીક આવેલ અંધજન શાળા/મંદબુદ્ધિની શાળા/મુક બધિર શાળાની મુલાકાત લઈ સંસ્થાનો અભ્યાસ કરે.
૮. તાલીમાર્થીઓ સમાવિષ્ટ શાળા અંગે યુનેસ્કોની પ્રવૃત્તિ વિશે અભ્યાસ કરે.
૯. પોતાના સમાજમાં /કુટુંબમાં /શાળામાં આવેલ વિશિષ્ટ બાળકોનો અભ્યાસ કરે.
૧૦. સાહિત્ય / સંગીત/રમત ક્ષેત્રે વિશિષ્ટ બાળકોએ મેળવેલ સિદ્ધિનો અભ્યાસ કરે.
૧૧. "બ્લેક" જેવી વિશિષ્ટ ફિલ્મનો સટીક અભ્યાસ કરવો.
૧૨. અંધ/મુકબધિર/અપંગ બાળકોના પરિવારનો અભ્યાસ કરવો.
૧૩. અંધ/મુકબધિર/અપંગ બાળકોને સરકાર તરફથી મળતી સહાયનો અભ્યાસ.

**ક્ષેત્રકાર્ય :**

૧. સમાજમાં જઈને સમાવિષ્ટ શાળાની મુલાકાત લઈ તેની પ્રવૃત્તિઓ અંગે અહેવાલ તૈયાર કરવો.

૨. સમાજમાં આવેલ સંસ્થાઓની મુલાકાત લઈ સંસ્થામાં ભણતા વિશિષ્ટ બાળકોને અનુભવવી પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરે.

૩. વિશિષ્ટ બાળકોએ સંગીત/સાહિત્ય/રમત વગેરે ક્ષેત્રે મેળવેલ સિદ્ધિનો અહેવાલ તૈયાર કરે.

૪. પોતાની નજીકના વિસ્તારમાં વિશિષ્ટ બાળકો માટે કામ કરતી બિનસરકારી સંસ્થાના પ્રદાનનો અહેવાલ તૈયાર કરે.

૫. આવા બાળકો ધરાવતા કુટુંબોની મુલાકાત લઈ તેઓ આ બાળકો સાથે કઈ રીતે કામગીરી કરે છે તેના પર અહેવાલ તૈયાર કરે.

૬. વિશિષ્ટ બાળકોને ઉપયોગી બનતી શૈક્ષણિક ટેકનોલોજી વિશે માહિતી મેળવી અહેવાલ તૈયાર કરે.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**સંદર્ભો ગ્રંથો**


1. Booth. T., Anscow, M. Black – Hawmins, K.Vaughan, M.& Shaw. L, (2000) Index for Inclusion : Developing Learning and Participation in school, Center for studies on Inclusive Education.
2. GOI (1996) Report of the Education Commission : Education and National Development New Delhi : Ministry of Education.
3. GOI (1986) National Policy of Education GOI
4. GOI (1922, 1998) National Policy on Education, 1986 (As modified in 1992), Retrieved from http://mhrd.gov.in/sites/upolad_files/mhrd/files/

**B.Ed. Second Year – Sem.-3**

# EPC - 3

# Critical Understanding of ICT

**હેતુઓ :**

૧. શૈક્ષણિક હેતુઓ અને સિદ્ધાંતો અનુસાર તાલીમાર્થી ICT નું અર્થઘટન અને તેનું અનુકૂલન કરતાં શીખે.

૨. અધ્યયન – અધ્યાપનના ક્ષેત્રે ICT ના ઉપયોગની સમજ કેળવે.

૩. વહીવટી અને શૈક્ષણિક મદદગાર પદ્ધતિઓના ક્ષેત્રે ICT ના ઉપયોગની સમજ કેળવે.

૪. ICTS ના ઉપયોગથી સમાજ પર પડતી અસરોની સમજ કેળવે.

**પ્રવૃત્તિઓ :**

૧. પ્રવર્તમાન માધ્યમિક શાળાના જે શિક્ષકો ICT નો ઉપયોગ કરતાં હોય તે ઉપયોગ કરવાથી શિક્ષણના કયા અને કેટલા હેતુઓ સિદ્ધ કરી શકયા તે જાણવું.

૨. પ્રવર્તમાન માધ્યમિક શાળાના જે વિદ્યાર્થીઓ ICT નો ઉપયોગ કરતા હોય તે ઉપયોગ કરવાથી એ વિદ્યાર્થીઓ કેટલું સ્વ–અધ્યયન કરી શકયા અને વધારાનું કેટલું સાહિત્ય વાંચી શકયા તે જાણવું.

૩. BISAG પરથી કે અન્ય કોઈ પણ ટી.વી. ચેનલ પર રજૂ થતાં શૈક્ષણિક પાઠો સ્વ–અધ્યયન માટે કેટલા મદદગાર થઈ પડયા તે તાલીમાર્થી તપાસે (તમે પસંદ કરેલ પદ્ધતિના પદ્ધતિ દીઠ ગમે તે બે પાઠોનો અભ્યાસ કરવો)

૪. MS EXCEL માં વિષયદીઠ ગુણ, કુલગુણ, ટકાવારી, પાસ, નાપાસ અને તેની આલેખાત્મક રજૂઆત કરતાં કરે.

